सत्यमेव जयते
Government of Gujarat

વર્ષ ૨૦૨૨-૨૩નવી બાબત
માંગણી ક્રમાંકઃ ૯૬, રૂ. ૨૮.૦૮/-લાખ

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ (ત્રણ) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી શરૂ કરેલ ધોરણ-૧૨ના વર્ગમાં શૈક્ષણિક મહેકમ મંજૂર કરવાની નવી બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંક: અમશ/૧૧૨૦૨૧/ન.બા-૦૪/ઘ**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૫/૨૦૨૨

**વંચાણે લીધા :-**

(૧) મુંબઈ સરકારના શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૨/૧૯૫૩નો ઠરાવ ક્રમાંક:BCH-૧૬૫૩-ED
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૪૮૮/ ૬૬૫/ગ
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૫૧૦/મં-૩/ઘ
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૨૦/ન.બા-૧૯/ઘ
(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૨/૦૭/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૧/ ન.બા-૧૫/ઘ
(૬) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૩૦/૧૧/૨૦૨૧ના પત્રો ક્રમાંકઃ આવિ/આશા/ ફા.નં.૨૮૨૮/૨૦૨૧/૧૨૯૫-૯૬

**પ્રસ્તાવના :-**

આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૪) થી વંચાણે લીધેલ તા.૧૮/૦૧/૨૦૨૧ના ઠરાવથી સને ૨૦૨૦-૨૧ની નવી બાબત તરીકે બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૧(એક) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૧૩ (તેર) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. પરંતુ, આ ઠરાવની શરત નં. (૧) અન્વયે આ ૧૪ ક્રમિક વિકાસના વર્ગ માટે કોઇ શૈક્ષણિક, બિન શૈક્ષણિક કે વહીવટી સ્ટાફની ભરતી કરવાની મંજૂર આપવામાં આવેલ ન હતી. ત્યારબાદ વિભાગના ક્રમાંક (૫) થી વંચાણે લીધેલ તા.૨૨/૦૭/૨૦૨૧ના ઠરાવથી બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૧(એક) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૧૦ (દસ) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવામાં આવેલ હતુ. આથી બાકી રહેલ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં શૈક્ષણિક મહેકમ માટે કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરીના ક્રમાંક (૬)થી વંચાણે લીધેલ તા.૩૦/૧૧/૨૦૨૧ના પત્રથી ધોરણ-૧૨ની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ (ત્રણ) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે

રૂ.૨૮.૦૮/- લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીની દરખાસ્ત હેઠળની ધોરણ-૧૨ની કુલ ૦૩ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી મંજૂર થયેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવામાં આવે છે.

જે અન્વયે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૧૨ના ક્રમિક વિકાસથી મંજૂર કરેલ વર્ગ તથા તે માટે શિક્ષણ સહાયક સંવર્ગ, વર્ગ-૩નું શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા અંગેની રૂ.૨૮.૦૮/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત મંજૂરી અન્વયે ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને તેમાં મંજૂર કરેલ શિક્ષણ સહાયક સંવર્ગ, વર્ગ-૩ની જગ્યાઓની યાદી નીચે મુજબ છે.

**ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપેલ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા અંગેની યાદી**

| **આદિજાતિ વિસ્તાર પેટા યોજના** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **આશ્રમશાળાનું સ્થળ** | **મંજૂર કરેલ શિક્ષણ સહાયક સંવર્ગની જગ્યા** |
| ૧ | વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ | પાટડીયા, જિ. સાબરકાંઠા | ૦૩ |
| ૨ | વનવાસી માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખુરદી, જિ.તાપી | ખુરદી,જિ.તાપી | ૦૩ |
| 3 | વ્યારા તાલુકા પૂર્વ વિભાગ વનવાસી વિકાસ મંડળ, બાલપુર જિ.તાપી | આંબાપાણી, જિ.તાપી | ૦૩ |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૪) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૧૫) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૮) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૯) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) ગુજરાત સરકારના નિયમ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ વૉક-ઇન-ઇન્ટરવ્યુ(સાક્ષાત્કાર કસોટી) દ્વારા ભરી શકાશે નહીં.

(૨૧) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨૨) આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

ક્રમિક વિકાસથી મંજૂર થયેલ ધોરણ-૧૨ના ઉક્ત વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવાની પ્રસ્તુત રૂ. ૨૮.૦૮/- લાખની નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નીચેના પત્રકની વિગતોએ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

| ક્રમ | માંગણી ક્રમાંક અને સદરની વિગત | મંજૂર થયેલ રકમ (લાખમાં) | શૈ.મહેકમ મંજૂર કરેલ વર્ગની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | **અનુસૂચિત જનજાતિ વિસ્તાર**<br>માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ,<br>મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૦૯ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૨૮.૦૮ | ૦૩ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આઇ.એ.દેસાઇ)**
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ:-**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ,બિરસામુંડા ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ.
- સિલેકટ ફાઇલ